# સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ.

## ખાસ શિબિરનો સંક્ષિપ્ત અહેવાલ

અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ N.S.S. ની વર્ષ -૨૦૧૯-૨૦ ની ખાસ શિબિર અમીરગઢ તાલુકાના કાળીમાટી મુકામે તા- ૦૪/૦૧/૨૦૨૦ થી ૧૦/૦૧/૨૦૨૦ દરમિયાન યોજાઇ હતી. જેમાં કુલ ૫૮ શિબિરાર્થીઓ,પ્રોગ્રામ ઓફિસર ડો.મંજુલાબેન પરમાર તથા સહાયક પ્રો.ઓફિસરડો.હિરેન ચૌધરીજોડાયાહતા.

શિબિરના ઉદ્ઘાટન સમારોહ માં ગામના વડીલો, કોલેજ નો સમગ્ર સ્ટાફ ગણ,આચાર્યશ્રી, તથા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ના એસો. પ્રોફેસર શ્રી,ડો.એન.એ. પઠાણ સર હાજર રહી N.S.S. નુ મહત્વ વિષે સુંદર માર્ગદર્શન આપ્યુ હતુ.શિબિરાર્થીઓનુ રોકાણ પ્રાથમિક શાળામાં હતુ. સવાર માં યોગ, પ્રભાતફેરી તથાશ્રમકાર્યકરવામાં આવતુ હતુ. સફાઇ અભિયાન, બેટી બચાવો-બેટી પઢાઓ,વ્યસન મુક્તિ, તથા આરોગ્ય વિષયક રેલીઓ, શેરી નાટકો તથા કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. વ્યસન મુક્તિ માટે પાલનપુરથી ગઢવી સાહેબ અને તેમની ટીમ આવી હતી. વન ડે ટુર માં ઐતિહાસિક સ્થળની મુલાકાત માટે નજીક ના જૈસોર રીંછ અભ્યારણ્ય ની મુલાકાત લીધી હતી. સ્વયંસેવકોએ પર્વતારોહક જીતુભાઇ પરમારની મદદ થી પર્વતારોહણ (ટ્રેકીંગ) કર્યુ હતુ. તથા વન પરિભ્રમણ દરમિયાન રસ્તા માં પડેલો કચરો પણ સાફ કર્યો હતો. કેદારનાથ પર્વત પર ચડી. વન ભોજન નો લ્હાવો લીધો હતો. ગુરુવારે પ્રાથમિક શાળામાંશિક્ષક દિન ઉજવાયો હતો. જેમાંસ્વયંસેવકો દ્વારા શિક્ષણ કાર્ય કરવામાં આવ્યુહતુ. તથા પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓની સાથે રમત – ગમત કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. શિબિર દરમિયાન બૌધ્ધિકવ્યાખ્યાન માટે ના વક્તાઓ માં ડો.એન.એ. પઠાણસરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ના એસો. પ્રોફેસર શ્રી, તથા ડો. ભાનુભાઇ પટેલ આસી. પ્રોફેસર, ડી.એન.પી. આર્ટસ કોલેજ ડીસા, તથા શ્રી રજનીશ ભાઇ પરમાર શિક્ષક શ્રી, કાળીમાટીપ્રાથમિક શાળા તથા શ્રી જીતુભાઇ પરમાર શિક્ષક શ્રી કાળીમાટી પ્રાથમિક શાળા તથા ડો. હિરેનભાઇ ચૌધરી આસી. પ્રોફેસર,સરકારી વિનયન કોલેજ અમીરગઢ વગેરેએ હાજર રહીને વિદ્યાર્થી ના વ્યક્તિત્વવિકાસ આધારિત અલગ-અલગ વિષયોપર વ્યાખ્યાનઆપ્યા હતા.

તા-૧૦/૦૧/૨૦૨૦ના રોજ સમાપન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગામના સરપંચશ્રી નાગજી ભાઇ મૂળી, તલાટી કમ મંત્રી શ્રી પંકેશભાઇ તથા ડો. નરેંન્દ્ર ભાઇ રાવલ, પૂર્વ આચાર્ય શ્રી સરકારી વિનયન કોલેજ અમીરગઢ તથા સમગ્ર કોલેજનો સ્ટાફગણ તેમજ ગામમાંથી આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કાળીમાટી પ્રાથમિક શાળાના આચાર્યશ્રી તળશી ભાઇ પરમારે શિબિરાર્થીઓની કામગીરી બિરદાવી હતી.સ્વયં સેવકોને કામગીરી માટે બેસ્ટ સ્વયં સેવક નો એવોર્ડ આપવામાંઆવ્યોહતો. સમગ્ર કાર્યક્રમ ની આભારવિધિ N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડો.મંજુલાબેન વી. પરમારે કરી હતી.

<u>ઉદ્ઘાટન સમારોહ</u>









# દૈનિક પ્રાર્થના અને શ્રમકાર્ય








# જન જાગૃતિ રેલી








# વ્યસન મુક્તિ કાર્યક્રમ અને શેરી નાટક
















# ઐતિહાસિક સ્થળની મુલાકાત અને વન પરિભ્રમણ









# પર્વતારોહણ (ટ્રેકીંગ)








## સમૂહ ભોજન




























<u>**રમત - ગમત કાર્યક્રમ**</u>








<u>શિક્ષક દિન</u>








**બૌધ્ધિકવ્યાખ્યાન**






<u>રસોઇ કાર્ય</u>













સાંસ્કૃતિક કાર્યક્રમ








સમાપન સમારોહ




રાષ્ટ્રીય સેવા યોજના




રાષ્ટ્રીય સેવા યોજના


રાષ્ટ્રીય સેવા યોજના


રાષ્ટ્રીય સેવા યોજના